પ્રિય પરિવારજનો,

અમારા બાળસંભાળ કેન્દ્રે તાજેતરમાં 'વહેલી સંભાળ અને શિક્ષણ દ્વારા પરિવારોને મજબૂત બનાવવા'ની પહેલ સાથે ભાગીદારી કરી છે. આ નવી અને રોમાંચક વિભાવના હાલમાં સમગ્ર દેશમાં 25થી વધુ રાજ્યોમાં વહેલા બાળપણનાં કેન્દ્રોને સમાવે છે અને તે દર વર્ષે વિકસી રહ્યાં છે.

પરિવારોને મજબૂત બનાવવાની પહેલ એ કાર્યક્રમ નથી પરંતુ બાળસંભાળ કેન્દ્રો કઈ રીતે બાળકો અને તેમના પરિવારો માટે માહિતી, પ્રોત્સાહન અને શક્તિનાં સ્ત્રોત બની શકે છે તેના તરફ જોવાનો એક નવો અભિગમ છે. તે એક રોમાંચક અભિગમ છે જેમાં કેન્દ્રો અને પરિવારો આપણાં નાનાં બાળકોને પ્રેમાળ સહાય અને દિશા પૂરી પાડવા માટે સાથે કામ કરે છે. તે પરિવારો માટે નીચેની તકો પૂરી પાડશે :

- દરેક પરિવારમાં અસ્તિત્ત્વ ધરાવતી સકારાત્મક ગુણવત્તાઓનું નિર્માણ કરવું
- અન્ય પરિવારોને મળવું અને તેમના અનુભવો વહેંચવા
- સમુદાયનાં સંસાધનોની ખોજ કરવી

આગામી શાળાકીય વર્ષ દરમિયાન, અમે આશા રાખીએ છીએ કે સાથે કામ કરવાનાં નવા માર્ગો અને મજબૂત પરિવારો દ્વારા સમર્થિત સુરક્ષિત, તંદુરસ્ત અને સુખી બાળકો કે જેની આપણે બધા ઈચ્છા રાખીએ છીએ તે સુનિશ્ચિત કરવાનાં નવા અભિગમો આપણે બધા શોધીએ તેમાં આપ અમારા ભાગીદાર બનશો.

આપણાં બાળકો માટે
સાથે મળીને કામ
કરતાં પરિવારો
અને
શિક્ષણવિદો.